**સરકારી છાત્રાલયોમાં અધતન લાયબ્રેરી ઉભી કરવા બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર,**
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૫/ન.બા.૧૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૧૫.

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીના તા.૪/૧૨/૨૦૧૪ના પત્રો નં:- આવિ/છતલ/૧/ ફા.નં.૧૫૭૯/૨૦૧૪-૧૫/૩૨૨૭ થી ૩૨૨૮ તથા ૩૩૨૫ થી ૩૨૨૬.

**ઠરાવ:-**

કમિશનરશ્રી (આ.વિ.) હસ્તકની સરકારી કુમાર અને કન્યા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને તેમના શૈક્ષણિક અભ્યાસક્રમોને સંબંધિત અધતન રેફરન્સ પુસ્તકો તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગ રૂપે ઈતર વાંચન માટે અધતન પુસ્તકોની પણ ખાસ આવશ્યકતા રહેતી હોય છે. જેના માટે સરકારી કુમાર અને કન્યા છાત્રાલયોમાંઅધતન લાયબ્રેરીની સુવિધા હોવી જરૂરી છે. જે ધ્યાને લઈને ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો માટે અધતન લાયબ્રેરી ઉભી કરવા માટેની રૂ.૪૬.૦૦ લાખની તેમજ બિન આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો માટે અધતન લાયબ્રેરી ઉભી કરવા માટેની રૂ.૩૧.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો માટે અધતન લાયબ્રેરી ઉભી કરવા માટેની રૂ.૪૬.૦૦ લાખની તેમજ બિન આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી કુમાર અને કન્યા છાત્રાલયો માટે અધતન લાયબ્રેરી ઉભી કરવા માટેની રૂ.૩૧.૦૦ લાખની સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડેરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચોસ્તપણે પાલન ખરીદવાનું રહેશે.

(૭) રાજ્ય સરકારની ખરીદ નીતી અન્વયેની પ્રવર્તમાન સૂચનાઓ મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૦૯-VKY-૧૭૦ સરકારી છાત્રાલયોમાં સારી રીતે સજ્જ લાઈબ્રેરી સુવિધા પુરી પાડવા તેમજ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૧૫-VKY-૧૭૦ સરકારી છાત્રાલયોમાં સારી રીતે સજ્જ લાઈબ્રેરી સુવિધા પુરી પાડવા હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણા વિભાગની તા.૧૩/૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

-/-

**(નરેન્દ્ર વાઘેલા)**

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

સર્વે મદદનીશ કમિશનરશ્રી, (આ.વિ.).

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.